# 7. CODE OF CONDUCT AND DISCIPLINE

## RULES FOR CONDUCT AND DISCIPLINE FOR STUDENTS OF INSTITUTES COVERED UNDER THE COMMISSIONER, TECHNICAL EDUCATION, GUJARAT STATE :

1. Except unavoidable circumstances or due to health reason with which medical certificate or request letter from the guardian suit to the occasion, every student has to attend his teaching periods, laboratory since from the beginning of every academic session. In the beginning of the session, late coming students shall be entitled for a fine @ Rs.10 per day.

2. Students shall not disturb the class in any manner nor shall misbehave with teaching fraternity directly or indirectly.

3. No student shall act against the rule or misconduct in and around the campus.

4. Any person or group or party is prohibited from any activities which may disturb the functions of the institute. Disciplinary action will be initiated against the student who indulges in to such activities.

5. Any damage or destruction to the property/belongings of the institute, staff and students is strictly prohibited. If any student found to be indulged in such activities, the cost of the loss shall be recovered from the parents/guardian of the student.

6. It is anticipated good manners and proper conduct and gentleness from the individual as well as group of students.

7. The student has to maintain sense of proportion in the extra-curricular activities and do not make hindrance in the academic activities.

8. It is mandatory to obey the instructions given by the teachers pertaining to academic or other matters, time to time.

9. The students shall not take part in the activities not authorized by the institution which may hurt conduct and academic relations.

10. Every student has to wear the identity card issued by the institute as also produce as and when asked by the authorized officer of the institute.

11. No student shall carry intoxicating or narcotic drugs/items with him and shall not consume it. Those who breach the orders shall be liable for cancellation of admission / rustication from the college.

Any student convicted to be the culprit in the breach of any of the above guidelines or other specific instructions and the guidelines issued time to time by the authorities of University/Technical Examination Board/Institute the Principal of the concerned institute shall be the competent authority to impose suitable punishment and in any extreme case can put the student on suspension or debar from the institute and the decision of the Principal shall be binding to all concerned.

## ૭. વર્તણૂંક અને શિસ્તપાલનનાં નિયમો

**ગુજરાત રાજ્યનાં આયુક્તશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીના તાબા હેઠળની સંસ્થાનાં વિદ્યાર્થીઓનાં વર્તણુંક અને શિસ્તપાલનનાં નિયમો :**

૧. અનિવાર્ય સંજોગો કે માંદગીને કારણે હાજર રહી ન શકાય ત્યારે દાક્તરી પ્રમાણપત્ર કે સંજોગોને અનુરૂપ રજા માટેના વાલીના વિનંતીપત્ર સિવાયના સંજોગોમાં દરેક વિદ્યાર્થીએ પ્રત્યેક સત્ર પ્રારંભ દિનેથી જ બધા જ કાર્યદિનોએ સંસ્થામાં બધા જ શૈક્ષણિક વર્ગો, પ્રાયોગિક કાર્ય વગેરેમાં ઉપસ્થિત રહેવું જોઈશે. સત્રના પ્રારંભમાં મોડા આવનાર વિદ્યાર્થીઓ દૈનિક રૂા. ૧૦/-ના દરે શિક્ષાશુલ્કને પાત્ર ઠરશે.

૨. વિદ્યાર્થીઓ વર્ગમાં કોઈપણ જાતનો વિક્ષેપ ઊભો કરશે નહિ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અધ્યાપકગણનું અપમાન કરશે નહિ.

૩. સંસ્થાના વિસ્તારમાં કોઈ પણ વિદ્યાર્થી કાયદા વિરૂદ્ધ કે અવ્યવસ્થાજનક વર્તાવ કરી શકશે નહિ.

૪. કોઈપણ વ્યક્તિ કે સમૂહ કે પક્ષેથી સંસ્થાના નિયમિત સંચાલનમાં દખલ કરે તેવી કોઈપણ પ્રવૃત્તિ પ્રતિબંધિત છે. તેવી પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થી સામે શિસ્તભંગના પગલાં ભરવામાં આવશે.

૫. સંસ્થાની, સંસ્થાના કર્મચારીગણની કે વિદ્યાર્થીગણની મિલ્કતને કરૂપ બનાવવાની, નુકશાન પહોંચાડવાની કે નાશ કરવાની મનાઈ છે. આવું નુકસાન સંબંધિત વિદ્યાર્થીઓના માતા/પિતા કે વાલી પાસેથી વસુલ કરવામાં આવશે.

૬. વિદ્યાર્થી સમૂહ કે વ્યક્તિગત વિદ્યાર્થી પાસેથી વ્યક્તિગત શિષ્ટાચાર અને યોગ્ય વર્તનની અને વિનયની અપેક્ષા રાખવામાં આવે છે.

૭. અભ્યાસેત્તર પ્રવૃત્તિનાં સંચાલનમાં વિદ્યાર્થીએ પ્રમાણભાન જાળવવું પડશે અને તેઓ શૈક્ષણિક આવશ્યકતાઓમાં પોતાની જાતે દખલરૂપ નિવડવા દેશે નહિ.

૮. અધ્યાપકગણ તરફથી વખતોવખત શૈક્ષણિક કે અન્ય કાર્યને લગતી અપાતી સૂચનાઓને ચૂસ્તપણે પાળવી આવશ્યક રહેશે.

૯. શિષ્ટ શિક્ષણ સંબંધોને શૈક્ષણિક નુકસાન પહોંચાડે તેવી અને સંસ્થાએ સત્તાવાર રીતે માન્ય ન કરી હોય તેવી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે નહિ.

૧૦. સંસ્થાના સત્તાવાળો તરફથી અપાયેલ ઓળખપત્ર દરેક વિદ્યાર્થીએ પોતાની પાસે રાખવાનું રહેશે અને સંસ્થાનાં અધિકૃત અધિકારીઓ તપાસવા માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

૧૧. કોઈપણ વિદ્યાર્થી પોતાની પાસે કેફી અથવા માદક દ્રવ્યો રાખવી શકશે નહિ અને તેનું સેવન કરશે નહિ અને જો આ સૂચનાનું ઉલ્લંઘન કરશે તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે.

જ્યારે જ્યારે વર્તન (ચાલચલગત) અંગેના ઉપર નિર્દિષ્ટ સામાન્ય ધોરણો કે અન્ય ખાસ ધોરણો અને યુનિવર્સિટી / ટેકનીકલ પરીક્ષા બોર્ડ / સંસ્થાના સત્તાવાળાઓ સમય સમય પર અપનાવે તે ધોરણો પાળવામાં વિદ્યાર્થી કસુરવાર થશે તો તે માટે આચાર્ય દ્વારા દંડ તથા ખાસ કિસ્સામાં અભ્યાસ મોકુફી કે બરતરફી જેવા શિક્ષાત્મક પગલાં લઈ શકશે અને તે માટે સંસ્થાના વડા સક્ષમ અધિકારી ગણાશે અને તેમનો નિર્ણય બંધનકર્તા રહેશે.